

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બાપુ ને કાઢ્યા, રીંગમાં કુસ્તી, શરૂ થઈ ગઈ છે,*
*ભેંસ વિના પણ, ધમાધમ, શરૂ થઈ ગઈ છે.*
*નજર પડી છે 'કપ' પર ખૂદ રીંગ માસ્ટરની -*
*કોંગીમાં ફરીથી મલકુસ્તી શરૂ થઈ ગઈ છે.*
*(શ્રી અહેમદભાઈ પણ સ્પર્ધામાં)*

### હાઈકુ

*ટિકીટ બની,*
*ખાયકી પરવાનો,*
*છે પડાપડી...*

*થાય સેટીંગ,*
*ચૂંટણી જંકસને*
*શ્રી 'ડબ્બાઓ'નું...*

*(પક્ષપલ્ટુઓની આવન-જાવન)*

### ચિંતન

*નક્ષત્રાદપિ નિમિત્તાની વિશેષયન્તિ ।*

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**કુશળતા નક્ષત્રો કરતાંયે વધુ મહત્ત્વપૂર્ણ છે.**

**કાર્યની સફળતા માટે ગ્રહ-નક્ષત્ર કે ભાગ્ય કરતાં વ્યક્તિની કુશળતા વધુ મહત્ત્વપૂર્ણ છે. ઊંડા વિચારપૂર્વક અને ભગીરથ પરિશ્રમ સામે દુર્ભાગ્ય પરાજય સામે છે અને કાર્યને સફળતા સાંપડે છે.**

**આજે કુસળ રાજનીતિજ્ઞો પણ ચૂંટણીનું આવેદન પત્ર ભરવાની કરી સોગંદવિધિ સુધી ગ્રહ-નક્ષતો - સારાં ચોઘડિયાંના પોથા જ હોય છે નથી એમને એમની લાયકાત - સેવા કે ક્ષમતા પર વિશ્વાસ કે નથી પ્રજા પર જે વ્યક્તિને પોતાની ક્ષમતા પર વિશ્વાસ હોય અને ગ્રહ-નક્ષત્રો નડતાં નથી.**

### સુવિચાર

- ક્રોધનું મારણ કોમળતા - **ફાધર વાલેસ**
- પહેલા માણસ શ્રદ્ધાળુ બને છે,
  પછી દરેક વાતને શ્રદ્ધાનું સ્વરુપ આપી દઈને એ અંધશ્રદ્ધાળુ બની જવા માંગે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જોખમમાં પ્રવેશ કર્યા પછી માણસની છઠ્ઠી ઈન્દ્રિય સતેજ થાય છે - **શિવખેરા**
- ગાડીનો મિકેનિક અને દર્દીનો દાકતર બદલાયા કરે એ સારું નહીં,
  એથી બેયની આવરદા ઓછી થાય છે - **શાહબુદ્દિન રાઠોડ**
- અત્યંત ગરીબાઈ એ શાપ હોય તો, અધિક શ્રીમંતાઈ પણ વરદાન નથી - **મુંબઈ સમાચાર**
- માણસનો સ્વભાવ જ એવો છે, દરેક જણ બીજાને ભાગ્યશાળી માને છે - **હરકિશન મહેતા**
- આજનું ઔષધ : બે અંજીર સવાર-સાંજ દૂધમાં ખૂબ ઉકાળીને પીવાથી કફ મટે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

જીવવિજ્ઞાનના ક્ષેત્રમાં નોબેલ ઈનામ મેળવનાર ડૉ. હરગોવિંદ ખુરાના અમેરિકાથી દિલ્હી આવ્યા. એમના સગાએ એમને સાંજના ભોજન માટે આમંત્રણ આપતા ડૉ. ખુરાના એમના સગાને ઘેર પહોંચ્યા. ભોજન સમયે જોયું તો ડાઈનીંગ ટેબલ પર પશ્ચિમી રીતરિવાજ પ્રમાણે ભોજન સામગ્રી જોઈને એમને દુઃખ થયું. યજમાનને ડૉ. ખુરાનાએ પુછ્યું તો યજમાન જવાબ આપતા કહ્યું, 'ડૉકટર સાહેબ વિચાર્યું કે આપ લાંબા સમયથી અમેરિકામાં રહ્યા છો તો આપ પશ્ચિમિ રીતે ખાતા ટેવાઈ ગયા હશો, માટે જ આવી વ્યવસ્થા કરવામાં આવી છે.'

ડૉ. ખુરાના બોલ્યા, 'અરે ના ભાઈ ના, હું ભલે અમેરિકા રહ્યો પણ ત્યાં રહીને હું મારા દેશને ભૂલ્યો નથી, મારે તો મકાઈના રોટલા અને સરસવનું શાક જ ખાવું છે અને હું મારે ઘેર આવ્યો છું એમ સમજો, તમે મને મહેમાન ન સમજશો.' યજમાન તો મુંગા જ થઈ ગયા. અને તરત મકાઈના રોટલા, સરસવનું શાક, છાશની વ્યવસ્થા કરી ડૉ. ખુરાનાને જમાડ્યા.

# પ્રધાનમંત્રીની ગુજરાતને દીવાળી ભેટ

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે ગુજરાત વિધાનસભાની ચૂંટણી શિરોવેદના સમી બની રહી છે. જો હાલ જે એન્ટિ ઈન્કમ્બન્સી અને ભારતીય જનતા પાર્ટી પ્રત્યે પ્રજા માનસમાં સરજાયેલી નકારાત્મક લાગણી પ્રવર્તી રહી છે તે ડિસેમ્બરના ચૂંટણીપર્વ સુધી લંબાય તો વડાપ્રધાન માટે ભારે નામોશી અને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી હારી જવાની ભૂમિકા રચાઈ શકે એમ છે. કોંગ્રેસ અગાઉ કરતાં વધારે મજબૂત બની રહી છે એ બાબતની એમને પ્રતીતિ થઈ ચૂકી છે. કોંગ્રેસમાંથી પક્ષપલટો કરાવી ભાજપમાં આવેલા ધારાસભ્યોને ટિકિટો આપવાથી ભાજપમાં જ ભડકો થવાની શક્યતા છે. આ મુદ્દે ગુજરાતી વડાપ્રધાન અને પાર્ટીના ગુજરાતી રાષ્ટ્રીય પ્રમુખ બેઉ ભારે મૂંઝણવ અનુભવી રહ્યા છે તેનું એમના વ્યવહાર - વર્તનમાં પણ પ્રતિબિંબ નિહાળી શકાય છે. વડાપ્રધાને હવે વિદેશ પ્રવાસનો એમનો જાણીતો શોખ વખત પૂરતો બાજુએ મૂકી જન્મભૂમિની મુલાકાતો વધારી દીધી છે. પોતે જાણે છે કે ગુજરાતની પ્રજા એક વાર છટકી તો પછી કંટ્રોલ કરવી અઘરી છે. એમની બહુ જ આયોજનપૂર્વક ઊભી કરાયેલી 'વિકાસપુરુષ'ની છાપ હવે મજાકનો વિષય બની ગયેલ છે, પરંતુ મોદી એ છાપ ભૂંસાવા દેવા માગતા નથી. આથી આચારસંહિતાનાં નિયંત્રણો લાગુ પડે એ પહેલાં તેઓ શક્ય એટલા વધુ પ્રોજેક્ટ ગુજરાતના ચરણે ધરવા માગે છે. એમને ઝંઝાવાતી પ્રવાસ કરીને ચોટીલા નજીક ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટનું ખાતમુર્હૂત કર્યું. ધોરી માર્ગોને વધુ પહોળા કરવાની જાહેરાત કરી, ઓખાથી બેટ દ્વારકા વચ્ચેના પુલથી લઈ વતન વડનગરમાં મેડિકલ કૉલેજનું લોકાર્પણ કર્યું. સાબરકાંઠાના મુખ્યમથક હિંમતનગરમાં પણ મેડિકલ કૉલેજની ભેટ ધરી દીધી. આવા અનેક અધૂરાંપધૂરાં વિકાસ કાર્યોની લાંબીલચ્ચ યાદી રજૂ કરી વડાપ્રધાન મોદી એ સાબિત કરવા માગે છે કે વિકાસ તો એની એ જ ગતિએ સાચી દિશામાં આગળ વધી રહ્યો છે, વિકાસ ગાંડો નથી થયો પણ વિકાસ વિશે મજાક ઉડાવનારા જરૂર ઘાંઘા થયા છે. એમને ગુમાવેલી સત્તા હસ્તગત કરવા માટે જે ગતકડાં સૂઝે છે તે રોડવ્યે રાખે છે. જો કે ક્યારેક સત્તા મેળવવા માટે મોદીએ પણ આવાં જ ગતકડાં રોડવ્યા હતાં તે સર્વવિદિત છે. એ વખતે ઉત્સાહમાં ને ઉત્સાહમાં જે ખરાંખોટાં વચનો આપી દીધેલાં એ પાળી શકાય એવાં તો હતાં જ નહીં. ખુદ અમિત શાહને જાહેરમાં કબૂલવું પડ્યું કે દરેક નાગરિકના ખાતામાં પંદર લાખ રૂપિયા આપોઆપ જમા થઈ જશે, એ તો માત્ર 'ચૂંટણી ગતકડું' - હિંદીમાં જેને 'જુમલા' કહેવાય છે તે જ હતું ! મોદી માટે કાળાનાં નાણાંથી લઈ ધોળા નાણાં પણ પ્રશ્નાર્થો સરજી રહ્યા છે. નોટબંધીના કહેવાતા હિંમતભર્યા પગલા સામે ઊહાપોહ સરજાયો છે. એ નિર્ણય પછી ધંધા રોજગાર પર માઠી અસર થઈ હોવાનું તો ખુદ મોદી અને શાહ પણ સમજી શકે છે. આ તમામ અવરોધો વચ્ચે ગુજરાતની વૈતરણી પાર કરવાની છે અને એ માટે હવે મોદીએ રાહુલ ગાંધીનું અને રાહુલ ગાંધીએ મોદીનું પગલે પગલું દબાવવાની સાપસીડીની રમત શરુ કરી છે. મોદી ચોટીલાનાં ચામુંડાનાં દર્શન કરવા ન જઈ શક્યા, પણ દ્વારિકાધીશનું પાદુકાપૂજન તો કર્યું જ, એ જ સ્ટાઈલમાં રાહુલ હવે કરમસદ જશે, સરદાર ભૂમિની ધૂળ માથે ચડાવશે. ભાથી ખત્રી, સંતરામ મંદિર અને કબીર મંદિરની જગ્યાએ પૂજન અર્ચન અને દર્શન કરશે. રાહુલને 'પપ્પુ' કહી ઉતારી પાડવાના દિવસો પૂરા થઈ ગયા. હવે રાહુલ વિશેની ફેંકાફેંકી કામ લાગે એમ નથી. રાહુલનાં પૂર્વજો વિશે કરેલા પ્રશ્નો પણ ભાજપ સામે બૂમરેંગ થઈ શકે એમ છે કારણ કે એમની સરખામણીમાં મોદીના પૂર્વજોએ રાષ્ટ્રને બહુ બહુ તો ચા જ પિવરાવી હશે, તે પણ આજીવિકાના વ્યવસાય લેખે.

# કાયદેસરની કાર્યવાહી સિવાય મતદાર યાદીમાંથી નામ કમી કરી ના શકાય



**કાયદો અને કાનૂન**

**અશ્વિન ત્રિવેદી**

રીપ્રેઝન્ટેશન ઓફ પીપલ્સ એકટ ૧૯૫૦ ની કલમ ૨૨ મુજબ નોંધાયેલા મતદારોનું નામ મતદાર યાદીમાંથી કાયદેસરની કાર્યવાહી કર્યા સીવાય એટલે કે નોટીસ આપી જાણ કર્યા સીવાય મતદાર યાદીમાંથી કોઈપણ મતદાતાનું નામ રદબાતલ કરી શકાય નહિ.

તાજેતરમાં ગુજરાત રાજયની વિધાનસભાની ચૂંટણી યોજવાની છે જેમાં કેટલાક વિસ્તારમાંથી આખેઆખા મહોલ્લા, સોસાયટીઓના નામ મતદાર યાદીમાંથી ગાયબ થવાના સમાચાર છાપામાં, મીડીયામાં આવતા જ રહે છે.

સત્તાધારી પક્ષ દ્વારા પોતાના પક્ષને ના મળનાર મતદારના નામ મતદાર યાદીમાંથી કમી કરી નાખવાની ખોટી ગેરબંધારણીય પ્રથા કેટલીક ચૂંટણીઓમાં અમલમાં આવેલ છે ગુજરાતમાં કેટલાય સમયથી કાયદેસરની કાર્યવાહી કર્યા સીવાય મતદાર યાદીમાંથી મતદાતાનું નામ રદ કરવાની જે પ્રથા સાશક પક્ષ દ્વારા અપનાવવામાં આવે છે તે બંધ કરવાની માંગ વિપક્ષોએ ઉઠાવેલ છે.

મતદાર યાદીમાંથી નામ રદ કરતા પહેલા પંચે નિયમ મુજબ જે તે નાગરિકને નોટીસ પાઠવી સાંભળ્યા બાદ જ નિર્ણય કરવા માટે વિપક્ષે ચૂંટણી પંચને રજુઆત કરી છે તેમજ મતદાર યાદીમાંથી નામ રદ કરવા માટે જવાબદાર અધિકારીની જવાબદારી નક્કિ કરવા માટે પણ ચૂંટણી પંચ સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

રાજયમાં પ્રથમ વખત ચૂંટણીમાં મત કોને આપ્યો તેની પ્રિન્ટ કરતું મશીન એટલે કે..... મશીન મુકવાનો હુકમ કોર્ટે કરેલ છે જેનાથી મતદારે કોને મત આપ્યો છે તેની પાવતી મશીનમાંથી મત આપ્યા બાદ તરત જ મતદારને મળી જશે જેથી મત રદ થવાના પ્રશ્નો ઉભા થશે નહિ કે ઈવીએમ મશીનમાં ચેડા કરવાના પ્રશ્નોનો પણ અંત આવશે અને પારદર્શક રીતે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી યોજવામાં આવશે કોઈપણ ગેરરીતી મતદારે મતદાન કર્યા બાદ ઈવીએમ મશીનમાં કરી શકાશે નહિ.

રાજયમાં નિષ્પક્ષ અને તટસ્થ રીતે ભારતના બંધારણ મજુબ દરેક મતદાતાને મતદાન કરવાનો બંધારણીય હક્ક, અધિકાર જળવાઈ રહે તે માટે મતદાન યાદીમાંથી મતદાતાનું નામ ડીલીટના હકક ચૂંટણી પંચ દ્વારા મારવામાં આવે છે જે પ્રથા બંધ કરી મતદાર યાદીમાંથી મતદાતાનું નામ ડીલીટ કરવા માટે રીપ્રેઝન્ટેશન ઓફ પીપલ્સ એકટ ૧૯૫૦ ની કલમ ૨૨ મુજબ મતદાતાને ફરજીયાત નોટીસ આપી ત્યારબાદ તેને સાંભળી રજુઆત કરવાની તક આપી નામ કમી કરવાનો નિર્ણય રાજયના ચૂંટણી પંચના જવાબદાર અધિકારી દ્વારા કરવામાં આવે તેવું ઠરાવવા વિપક્ષ દ્વારા ચૂંટણી પંચને રજુઆત કરવામાં આવી છે જે માંગણી વિપક્ષોની વ્યાજબી તથા બંધારણીય રીતે કાયદેસરની છે.

એક વખત મતદાર યાદીમાં નોંધાયેલા મતદારના નામ કમી કરવા માટે કાયદેસરના ધારા ધોરણ મુજબની કાર્યવાહી ચૂંટણી પંચે અનુસરવી પડે મન ફાવે, મન ચાહે તે રીતે મતદાતાનું નામ અથવા આખે આખા મોહલ્લા, સોસાયટી, વિસ્તારના મતદાતાનું નામ ડિલીટ મતદાર યાદીમાંથી ગાયબ ના કરી શકાય આવી પ્રથા કોઈપણ સંજોગોમાં બંધ કરી સત્તાધારી પક્ષની મનમાની બંધ કરવી જોઈએ તેવી વિરોધ પક્ષે રજુઆત કરેલ છે.

ગુજરાતમાં ગઈ વિધાનસભાની ચૂંટણી સમયે આખે આખી સોસાયટી એક સાથે યાદીમાંથી રદ થઈ છે અથવા અનેક સોસાયટીઓની મતદાર યાદી ઉપર ડિલીટના સીક્કા મારવામાં આવે છે જેથી આવી યાદીવાળા મતદારને ચૂંટણી સમયે મત આપવાના હક્કથી વંચીત રહેવું પડે છે અને સત્તાધારી પક્ષ વિપક્ષોને મત યેનેકન પ્રકારે મતદાન પેટીમાં જતા અટકાવી ગેરબંધારણીય પ્રક્રિયા અલમાં મુકે છે.

આ માટે ચૂંટણી પંચ દ્વારા મતદાન પહેલા મતદાતા પોતાનું નામ ચકાસી શકે તે માટે જાહેરાતો છપાવી મતદાતા જાગૃતિ અભિયાન ચલાવવા ઉપર ભાર મુકે છે તેમજ રાજયના દરેક મતદારો નાગરિકોને ....... મશીન દ્વારા કેવી રીતે મતદાનની પ્રક્રિયા થશે તે અંગેની વિસ્તૃત જાણકારી મળી રહે તે માટે અખબારો, ટેલીવીઝનના માધ્યમથી વ્યાપક પ્રયાસ કરવા

**અનુસંધાન પાના નં. ૫ પર**

# માનવી સ્પર્શનું સૌંદર્ય વિસરી ગયો છે...



**WhatsApp ઓફ ધી વીક**

**નેહલ ગઢવી**

આજે લોકો પ્રેમના ભૂખ્યા છે, સમજદારી ભરેલા પ્રમને એ ઝંખે છે. આટલી બધી ગરીબી અને એકલવાયાપણાનો એ જ એક ઉકેલ છે. ઈંગ્લેન્ડ અને અમેરિકા જેવા દેશોમાં રોટલા માટેની ભૂખ નથી રહી. પણ ત્યાં લોકો ભયંકર એકલતા, ભયાનક હતાશા, ભયાનક ધિક્કાર અનુભવી રહ્યા છે; એમને લાગે છે કે કોઈને એમની પડી નથી. એમને મદદ કરનારું કોઈ નથી, એમને કોઈ આશા નથી. કેવી રીતે સ્મિત કરવું તે એ ભૂલી ગયા છે, માનવીના સ્પર્શનું સૌંદર્ય એ વિસરી ગયા છે. મનુષ્યનો પ્રેમ શું છે એ ભૂલવા માંડ્યા છે. કોઈક એમને સમજી શકે, એમને સન્માન આપે તેની એમને ઝંખના છે.

**- મધર ટેરેસા**

લાસવેગાસમાં બનેલી દુર્ઘટના આ પ્રકારની મનોદશાનું જ પરિણામ છે. આજકાલ માનસિક વિકૃતિનું પ્રમાણ સમાજમાં ખૂબ વધી ગયું છે. બ્લુ વ્હેલ ગેમનો શિકાર બનતા આપણા નવયુવાનો અને બાળકો પણ આ પ્રકારની જ મનોદશા અને માનસિક અવદશાનો ભોગ બનેલા છે. ધીરે-ધીરે સમાજમાં આ પ્રકારના દૂષણો વધવાને કારણે આજે ભારત જેવા વસ્તીથી છલોછલ ભરેલો દેશમાં પણ લોકોની માનસિક સ્થિતિ નિરાશાજનક જણાય છે. પહેલાના સમયમાં લોકો પાસે પૈસો અને સુખ-સમૃદ્ધિ આજના પ્રમાણમાં ઓછી હતી. પણ તેની સામે ભેગા મળીને કામ કરવાની અને સંપથી સુખપૂર્વક રહેવાની પ્રથા હતી. અને તેથી જ કુટુંબના કોઈ એક નબળા સભ્યને કુટુંબના અન્ય સભ્યો તે વ્યક્તિને ખૂદ ને પણ જાણ ન થાય એ રીતે તેના દુઃખને ભરપાઈ કરી લેતા અને તેનામાં પ્રેમપૂર્વક આત્મવિશ્વાસનું સિંચન કરતા. આજે બહારથી જોતા લાગે કે બધા ખૂબ સ્માર્ટ અને આત્મવિશ્વાસથી છલકાતા છે પણ નાની એવી તકલીફમાં પણ વ્યક્તિ અંદરથી સાવ હલી જાય છે. અગત્યની બાબત એ છે કે આવા સમયે તે નક્કી જ નથી કરી શકતી કે તે આ વાત કોઈ સાથે શૅર કરે કે ન કરે ? અને કરે તો કોની સાથે અને કેવી રીતે કરે ? પરિણામે, તેના મનમાં દબાયેલી આ લાગણીઓ વિકૃત સ્વરુપે બહાર આવતી જણાય છે.

આપણા શરીરમાં જે રીતે લાંબા સમયનો અપચો કે ભરાવો થઈ જાય ત્યારે કોઈ મોટો રોગ ઘૂસી જાય છે તે જ રીતે મનના ભાવો પણ જયારે વ્યક્ત થયા વિના રહે તો તેનું પરિણામ કંઈક આવું જ દેખાય છે. અલબત્ત, મનની વાત કે અંગત બાબતો બધા સામે વ્યક્ત કરવું પણ ચોક્કસ અશક્ય અને અયોગ્ય છે પરંતુ, એકાદ બે સંબંધો એવા જરૂર હોવા જોઈએ જયાં મન મૂકીને વાત કરી શકાય. નવરાત્રીથી દીવાળી સુધીનો સમયગાળો સૌ કોઈના ઘરમાં સાફ-સફાઈનો માહોલ લઈને આવે છે. આવા આ સાફ-સફાઈ અને દુકાનમાં પણ સ્ટોક ખાલી કરનારા અને હિસાબો ચૂકતે કરવાના સમયમાં આપણે મનને ઢંઢોળીને તેમાં રહેલી નેગેટીવીટીને દૂર કરીએ તો એ પણ એક સફાઈ જ છે. અને આ સફાઈની અસર સીધી તમારા આત્મા અને વ્યક્તિત્વને સ્પર્શી જાય છે. આખું વર્ષ મનમાં અનેક સારી-નરસી બાબતો ભેગી જ કર્યા કરીએ તો મનમાં તો આવી તમામ બાબતોનો એક ઢગલો જામી જતો હશે ! તો ચાલો, આ ઢગલને પણ થોડો હળવો કરીએ અને મન પરથી તેના બોજને ઉતારી દઈએ.

આપણા તહેવારો આપણી સંસ્કૃતિ અને પરંપરાને ઉજાગર કરે છે. માટે, પરંપરાગત શૈલીમાં ઉજવાતા આ તહેવારોનું સ્વરુપ જેમ છે તેમ જ જાળવી રાખવાનો આપણે સૌએ સહિયારો પ્રયાસ કરવો પડશે. તકલીફો અને સગવડો ઓછી કરવા માટે આધુનિક સાધનોનો ઉપયોગ કરવામાં કોઈ બાધ નથી પણ પરંપરાનું મૂળ સ્વરુપ જળવાઈ રહે તેની ખાસ તકેદારી રાખવાની ફરજ આપણા સૌની સહિયારી છે. પરંપરાગત સ્વાદિષ્ટ વાનગીઓનું સ્થાન ચોકલેટ્સ કે વિદેશી વ્યંજન કયારેય ન લઈ શકે. અન્ય દિવસોએ આપણે બધી જ વિશ્વભરની વાનગીઓ ભલે આરોગીએ તહેવારની અસલ મીઠાશ આપણી દેશી વાનગીથી જ આવે. ૧૮૩૫માં ટોમસ મેકોલે એ બ્રિટીશ પાર્લમેન્ટમાં ખૂબ સચોટ વાત કહેલી કે :

'મેં ભારતનો પૂરેપૂરો પ્રવાસ કર્યો અને એવી એક પણ વ્યક્તિ ન જોઈ કે જે ભિખારી યા ચોર હોય. મેં આ દેશમાં એટલી બધી સંપત્તિ, ઊંચાં મૂલ્યો ને ઉચ્ચ બુદ્ધિ સામર્થ્ય ધરાવતા લોકો જોયા છે કે જયાં સુધી આ દેશના મૂળને જડથી નહીં ઉખાડીએ ત્યાં સુધી કદી તેને જીતી શકીશું નહીં. આ દેશનું મૂળ એટલે તેનો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસો. અને તેથી હું ઈચ્છું છું કે આપણે તેના જૂના અને પ્રાચીન શિક્ષણતંત્રને, તેની સંસ્કૃતિને બદલાવીએ, જેથી ભારતીયો એવું માનતા થાય કે વિદેશી અને અંગ્રેજી તેમના કરતાં વધુ સારું અને મહાન છે. તો જ તેઓ સ્વાભિમાન અને સ્વ-સંસ્કૃતિ ગુમાવશે અને આપણે તેઓને જેવા ઈચ્છીએ છીએ તેવા તેઓ બનશે - એક ખરેખર પરાધીન દેશ.'

આજની પરિસ્થિતિ જોતાં ટોમસ મેકોલેના એક-એક શબ્દને આપણે સાર્થક કરી બતાવ્યો હોય તેવું લાગે છે. આપણે આટલા બુદ્ધિશાળી હોવા છતાં આ **'Trap'** માં કઈ રીતે ફસાયા એ આપણે સૌએ જાતે શોધવાનું. અને માટે જ, આપણા સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાને ઉની આંચ ન આવે તેવો સંકલ્પ આ દિવાળીએ સૌએ સાથે મળીને પોતાની જાતને સાક્ષી માનીને લેવો પડશે. અને આને માટે અંગત રીતે વ્યક્તિગત પ્રયત્નો કરવા પડશે. તો જ, આપણે આપણું ભારતીય હોવાનું ગૌરવ જાળવી શકીશું !

**Last seen :**

*ચાલ્યો જાઉં ચૂપચાપ ? - કે હું સાદ પાડું ?*
*ચાલ્યા જતા ચૂપચાપ સૌ રસ્તે જનારા;*
*હારી ગયા બૂમ પાડી પાડી કૈં બિચારા;*
*કાલે નહિ ઘોરંત પથના બેય આરા !*

**- 'ઉશનસ્'**

- nehalgadhavi101@gmail.com

## વિસરાતી વાનગી



### મકાઈના ઢોકળા

**સામગ્રી :**

બે વાટકી મકાઈનો કકરો લોટ,
ખાટી છાશ,
બે ચમચા તેલ,
રાઈ,
જીરુ,
તલ,
હિંગ,
હળદર,
ધાણાજીરુ,
૭-૮ લીલા મરચાં,
આદુ,
૧૦-૧૨ લસણની કળી,
મીઠું,
લીંબુ,
ખાંડ.

**રીત :**

સૌપ્રથમ બે વાટકી મકાઈના કકરા લોટમાં ખાટી છાશ નાખી પાતળું ખીરું તૈયાર કરો. ત્યારબાદ તેમાં સ્વાદ અનુસાર મીઠું ઉમેરો. હવે કડાઈમાં તેલ ગરમ કરી તેમાં રાઈ, જીરૂ, તલ અને હીંગથી વઘાર કરી તેમાં આદુ, મરચાં - લસણની પેસ્ટ નાંખી થોડીક વાર સુધી સાંતળો. ત્યારબાદ તેમાં ખીરૂ નાખો અને હલાવતા રહો. હવે તેમાં હળદર અને દાણાજીરુ, લીંબુ અને ખાંડ (સ્વાદ અનુસાર) ઉમેરો. જયારે બધી છાશ શોષાઈ જાય અને ખીરું ખમણ પાડી શકાય એવું તૈયાર થઈ ગયું હોય ત્યારે થાળીમાં થોડું તેલ લગાવી ને તેમાં પાથરીને ઠંડી થાય ત્યારે તેના પીસ કરીને સર્વ કરો.

# બસ, હવે ગુજરાતની ગાદી ટકાવવા કે છીનવવાના આખરી ખેલ



**અતિતની આજ**

**ડૉ. હરિ દેસાઈ**

- યુવા ત્રિપુટી હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિજ્ઞેશ મેવાણી કોનાં ભાણાં બગાડે કે સુધારે એની પ્રતીક્ષા
- ભાજપના ઈશારે જ વાઘેલાએ રા.જ.પા.નો વીંટો વાળ્યા પછી ફરી જનવિકલ્પની જાન જોડી છે
- સરકારી ઉદઘાટનો અને યાત્રાઓ ઉપરાંત બિન અનામત ઉજળિયાતો માટે નવા નિગમ સહિતની જાહેરાતો
- રાહુલને મળતા આવકારે કૉંગ્રેસનો ઉત્સાહ વધાર્યો અને સોશિયલ મીડિયામાં ભાજપની ભીંસ વધારી
- ભાજપના અધ્યક્ષ અમિત શાહે સામેથી આનંદીબહેન પટેલને ઘેર મળવા જવું પડે એ ખૂબ જ સૂચક

આપણે ત્યાં કહેવત છે : ''કાબે અર્જુન લૂંટિયો,વહી ધનુષ;વહી બાણ.'' ચૂંટણીનો માહોલ બંધાતો જાય છે એમ સત્તારૂઢ ભાજપ પર કૉંગ્રેસ ભીંસ વધારી રહી છે અને વર્ષ ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણી અને મે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપના મહારથીઓએ અજમાવેલા સોશિયલ મીડિયા સહિતના નુસખાઓ હવે ભાજપના વિરોધીઓ એના પર વાર કરવા માટે અપનાવી રહ્યા છે. વર્ષ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી જીતવી એ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પક્ષ (ભાજપ) માટે આગામી લોકસભા ૨૦૧૯ને જીતવાની અનિવાર્ય પૂર્વશરત છે. બે દાયકા કરતાં પણ વધુ સમયથી સત્તાવિમુખ રહેલી ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ માટે ડિસેમ્બર ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી જીતીને રાખમાંથી બેઠા થવાનો ફિનિકસ પક્ષીનો અવતાર ધારણ કરવા જેવું છે. યુદ્ધનો ટંકાર જાહેર થવામાં છે. ઓક્ટોબર મહિનો શરૂ થઈ ચૂક્યો છે અને બીજા સપ્તાહમાં રાષ્ટ્રીય ચૂંટણી પંચની ટીમ ગુજરાત આવીને ચૂંટણીની તારીખો જાહેર કરવાની પૂર્વ તૈયારીરૂપ કવાયત આદરશે. ડિસેમ્બરમાં બે તબક્કામાં મતદાન યોજાય એની ઘોષણા થશે. પ્રતીક્ષા માત્ર તારીખોની જાહેરાતની છે. અન્યથા સત્તાપક્ષ અને વિપક્ષ બેઉની દૃષ્ટિએ ગુજરાત ક્યારનું ય ઈલેક્શન મોડમાં આવી જ ગયું છે. કોઈ ગૌરવયાત્રાઓ કાઢે છે તો કોઈ રોડ-શો કરે છે. સત્તારૂઢ ભાજપને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ભારે ભીંસનો અનુભવ થઈ રહ્યો છે, છતાં 'મિશન ૧૫૦+'નું ઊંચું લક્ષ્ય લઈને અમિત શાહના નેતૃત્વમાં પક્ષના કાર્યકરોની આર્મી અને સંઘ પરિવારનાં સંગઠનો કામે વળ્યાં છે.આમ છતાં યુવા ત્રિપુટી હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિજ્ઞેશ મેવાણી કોનાં ભાણાં બગાડે કે કોનાં તરભાણાં ભરે એની પ્રતીક્ષા સૌને છે.

વર્ષ ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીઓમાં ઈલેક્શન કમિશનની સત્તાવાર વેબસાઈટ પરનાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો જોવામાં આવે તો અત્યારના વડા પ્રધાન અને એ વેળાના મુખ્ય પ્રધાન કે જેમના નેતૃત્વમાં ચૂંટણી લડાઈ હતી એવા નરેન્દ્ર મોદીના પક્ષને ઘટતી જતી બેઠકો મળી હતી. ૧૮૨ ધારાસભ્યોની વિધાનસભામાં પેટાચૂંટણીઓ જીતીને વિક્રમી આંકડો માંડ ૧૨૧ સુધી પહોંચાડ્યો. ભાજપના ઈશારે જ વિવશતા અનુભવતા શંકરસિંહ વાઘેલાએ રા.જ.પા.નો વીંટો વાળ્યા પછી ફરી જનવિકલ્પની જાન જોડી છે. કૉંગ્રેસમાં રહીને એકાદ વરસ મુખ્ય પ્રધાનપદ અને એ પછી કેન્દ્રમાં કાપડ પ્રધાનપદ અને વિધાનસભામાં વિપક્ષમાં વિપક્ષના નેતા તરીકે ભાજપની બી-ટીમ તરીકે મોકાના વખતે સભાત્યાગ કરી જઈને અને છેલ્લી રાજ્યસભાની ચૂંટણી ટાણે કૉંગ્રેસમાં રહીને એને રમણભ્રમણ (સાબોટાઝ) કરનાર વાઘેલા અત્યારે દેખાડાના 'જનવિકલ્પ'થી ભાજપને લાભ પહોંચાડવાની વિવશતામાં ગુજરાત ખૂંદી રહ્યા છે. ક્યારેક કૉંગ્રેસના મોભી વસંતદાદા પાટીલની પીઠમાં છરો હુલાવીને જનસંઘીઓ, સમાજવાદીઓ અને શેકાપવાળાઓ સાથે ઘર માંડી મહારાષ્ટ્રમાં પુલોદ સરકાર બનાવનાર શરદ પવારે કૉંગ્રેસથી નોખો ચોકો રચીને રાષ્ટ્રવાદી કૉંગ્રેસના માધ્યમથી કેન્દ્ર અને રાજ્યમાં એ જ કૉંગ્રેસ સાથે દાયકા કરતાં ય વધુ લાંબા સમય સુધી સત્તાનાં સંવનન પછી હવે ગુજરામાંય ભગવી-રમત આદરી છે.

યાત્રા શબ્દની પાછળની ભાવના ખૂબ પવિત્ર મનાય છે. રાજકારણમાં ધર્મકારણ અને ધર્મસ્થાનકોને ભેળવીને યાત્રાઓ કઢાવા માંડી ત્યારથી વર્તમાન સત્તારૂઢ પક્ષ ભાજપનો ઉદય ૫૪૫ની લોકસભામાં બે લોકસભા બેઠકોથી ૨૦૦ અને હવે ૨૮૨એ પહોંચ્યો છે. સૅક્યુલર પરંપરા અને દંભી કે છદ્મ પરંપરા જેવા શબ્દપ્રયોગો ચલણી બનાવનારા ભારતના નાયબ વડા

**અનુસંધાન પાના નં. ૫ પર**